RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુંદ્રા પોર્ટ પર ભારે ટ્રાફિકના કારણે ગેઈટ બંધ કરવાથી નિકાસકારોના અટવાયેલા કન્ટેઈનરોને કારણે ભોગવવી પડતી મુશ્કેલીઓનું તાત્કાલીક નિરાકરણ લાવવા મુંદ્રા કસ્ટમ કમિશ્નર સમક્ષ ભારપુર્વક રજૂઆત કરવામા આવી...

નિકાસકારો દ્વારા વિશ્વના અનેક દેશોમાં માલની નિકાસ કરવામાં આવી રહી છે. તેમજ નિકાસનું પ્રમાણ પણ દિન-પ્રતિદીન વધી રહયું છે. ત્યારે હાલમાં મુંદ્રા પોર્ટ પર ભારે ટ્રાફિકના કારણે ગેઈટ બંધ કરવાથી નિકાસકારોના કન્ટેઈનરો અટકી ગયેલ છે. જેના કારણે ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. તાજેતરમાં મુંદ્રા કસ્ટમ્સ ખાતે યોજવામાં આવેલ મિટીંગમાં કસ્ટમ્સ કમિશ્નરશ્રી સમક્ષ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નીચે મુજબ ભારપુર્વક રજૂઆત કરવામાં આવેલ છે.

અદાણી ટર્મીનલ અને MSC એ શીપ આવવાની હોય તે પહેલા નિયમ મુજબ સાત દિવસ અગાઉ ગેઈટ ખોલવાના હોય છે. જે ઓનલાઈન બતાવતું હોય એટલે ત્યાંથી કલીયરીંગ અને ફોરવર્ડિંગ એજન્ટ તે મુજબ ટ્રક લોડ કરવા મોકલે છે અથવા નિકાસકારો તેમાં કન્ટેઈનરો ભરીને મોકલે એટલે થાય છે તેવું કે ભારે ટ્રાફિકના કારણે અને કન્ટેઈનરના કલીયરન્સમાં ઈમ્પોર્ટ અને એક્ષપોર્ટમાં ખુબ જ મોડું થવાથી ગેઈટ સાત દિવસ પહેલા ખોલવામાં આવતા નથી જે નિયમ મુજબ ખોલવા જોઈએ અને બે કે ત્રણ દિવસ પહેલા ખોલે છે. તેના કારણે ભરેલા ટ્રકો ગેઈટની બહાર ઉભા રહે છે અને તેનું ભાડુ વસુલવામાં આવે છે. અન્યથા કન્ટેઈનરો બફરયાર્ડમાં ખાલી કરાવવાની છુટ છે. આમ બફરયાર્ડમાં કન્ટેઈનરો ખાલી કરાવે ત્યાંથી પાછા ભરીને ટર્મીનલનો ગેઈટ ખુલે ત્યારે પાછા મોકલવા પડે જેથી કરીને કન્ટેઈનરોમાં નિકાસકારોને શીપીંગ કોસ્ટ વધી જાય છે.

વધુમાં ગેઈટ ખોલ્યા પછી જો ચેક પેકેજમાં શીપીંગ બીલ આવી જાય તો ટુંકા ગાળામાં સેલ થવાના કારણે કન્ટેઈનરો શીપમાં ચડતા નથી અને કન્ટેઈનરો બીજી શીપમાં ચડાવવા પડે છે. જેથી કરીને જુનુ બુકિંગ કેન્સલ થાય અને નવું બુકિંગ કરવું પડે છે. જેથી કરીને નિકાસકારોને અસહય ખર્ચ ભોગવવો પડે છે. આમ અદાણી ટર્મીનલલ અને MSC એ નિયમ મુજબ ગેઈટ સાત દિવસ પહેલા ખોલવો જ પડે, જો અમે ન થઈ શકતું હોય તો બફરયાર્ડમાં કન્ટેઈનરો ખાલી કરવાના ભાડા વસુલવા ન જોઈએ અને બફરયાર્ડને ટર્મીનલમાં ટ્રાન્સફર કરવું જોઈએ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.